ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓ શોધવા સર્વેલન્સ

## પ્રથમ દિવસે જ સવાલાખ લોકોને આવરી લેવાયા : ૧૦૦ જેટલા શંકાસ્પદ દર્દીઓ મળ્યા હોવાનું તારણ : ચામડીના રોગ છે પણ રક્તપિત્તનું પ્રમાણ નિમ્ન હોવાનું આરોગ્ય તંત્ર કહે છે

ગાંધીનગર, તા. ૨૦ ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તના સર્વેલન્સની કામગીરી આજથી હાથ ધરવામાં આવી છે. આજે એક જ દિવસમાં એક લાખ જેટલા લોકોને આ સર્વેલન્સમાં આવરી લેવાયા હતા.

આ સર્વેલન્સ દર મહિનાના ત્રીજા શનિવારે યોજવાના સરકારે આદેશ આપ્યા છે અને તે અન્વયે આજે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે હાથ ધરાયેલા સર્વેલન્સ દરમ્યાન ૧૦૦ જેટલા શંકાસ્પદ દર્દીઓ જણાયા છે. આ દર્દીઓની હવે ઉચ્ચ તબીબી અધિકારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવશે અને ત્યાર પછી આ દર્દીઓને ખરેખર શાની બિમારી છે તે વિશેની સમજ આપવામાં આવશે અને સારવાર માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તના દર્દીઓનું પ્રમાણ સૌથી નિમ્ન સ્તરનું હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

સરકારે આ સમયગાળો આ રોગના દર્દીઓને શોધવા માટે સારો અને અનુકૂળ હોવાથી સર્વેલન્સ શરૂ કરવાના આદેશો કર્યા છે. હવેથી સમગ્ર જિલ્લામાં દર મહિનાના ત્રીજા શનિવારે આશા બહેનો મલ્ટીપરપઝ હેલ્થ વર્કરો તેમજ અન્ય કર્મચારીઓ દ્વારા ઘરે ઘરે ફરી આ સર્વેલન્સની કામગીરી કરશે.

આજે પ્રથમ વખતે જ આ સર્વેલન્સ દરમ્યાન જિલ્લાના સવા લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં ચામડીના રોગોનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે જરૂર પરંતુ રક્તપિત્તના દર્દીઓનું પ્રમાણ અત્યંત નિમ્ન હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

મળી આવેલા શંકાસ્પદ દર્દીઓની સઘન તપાસ આગામી સપ્તાહમાં હાથ ધરવામાં આવશે.



**બેસણું/સુવાળા**

દિલગીરી સાથે જણાવવાનું મારા ધર્મપત્નિ શ્રી ગજુબા ભવાનસિંહ વાઘેલા તા. ૧૭-૯-૨૦૧૪ ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું/સુવાળા તા.૨૨-૯-૨૦૧૪ ને સોમવારના રોજ સવારે ૯ થી ૩ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : માધવ વિહાર સોસાયટી, પેથાપુર ચાર રસ્તા, મુ.પો. પેથાપુર, તા.જી. ગાંધીનગર. મો. ૯૯૨૫૫૯૮૨૭૩

લિ.

**વાઘેલા ભવાનસિંહ કિશોરસિંહ**

વાઘેલા બચુસિંહ કિશોરસિંહ
વાઘેલા અર્જુનસિંહ કિશોરસિંહ
વાઘેલા અરવિંદસિંહ ભવાનસિંહ
સ્વ. ભરતસિંહ ભવાનસિંહ વાઘેલા
વાઘેલા ગણપતસિંહ અર્જુનસિંહ
વાઘેલા રઘુસિંહ દિલીપસિંહ
વાઘેલા રણજીતસિંહ હરિસિંહ
વાઘેલા મહિપતસિંહ છત્રસિંહ
વાઘેલા બાલુસિંહ છત્રસિંહ
વાઘેલા જસવંતસિંહ માધુસિંહ
વાઘેલા દશરથસિંહ શંભુસિંહ
વાઘેલા ખેતુસિંહ શીવસિંહ
વાઘેલા જગતસિંહ અમરસિંહ

# હવે ગરબામાં યુવતિઓ માટે વોટરપ્રુફ મેકઅપનો નવો અભિગમ

ગાંધીનગર, તા.૨૦

નવરાત્રિમાં મોટા મોટા સ્ટીરીયો સ્પીકર્સ અને ઈલેકટ્રોનિકસ ગેઝેટસના સ્પષ્ટ રણકારના તાલે મન મૂકીને યુવક યુવતિઓ ગરબા ઘુમવા માંડે છે પરંતુ આ ગરબે ઘુમતી યુવતિઓને એક ચિંતા પણ સતાવતી હોય છે અને તે છે તેમનો મેક અપ પરસેવાથી ઉતરી જવાની ચિંતા. કારણ સતત ગરબે ઘુમવા માટે ખુબ જ શારીરિક શ્રમ પડતો હોય છે જેના કારણે તેમની કાયા પરસેવે તરબતર થઈ જાય છે. જો કે ગાંધીનગરમાં હવે આ યુવતીઓ માટે વોટરપ્રુફ અને એચડી મેકઅપની સુવિધા ઉભી થઈ છે જે પરસેવાથી ઉતરી જતા મેકઅપને અટકાવે છે.

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

મોટી હેલોજન લાઈટોની ઝાકમઝોળ અને સતત મોટા અવાજે વાગતા ડીજે સંગીતના તાલે આજની ગુજરાતણ ગરબે રમ્યા વગર કેવી રીતે રહી શકે? જો કે આ યુવતિઓ ગરબામાટે મોંઘા ચણિયા ચોળી અને ઓર્નામેન્ટસ પાછળ ધૂમ ખર્ચા કરે છે સાથે સાથે તેમની બ્યુટી ટ્રીટમેન્ટ અને મેકઅપનું પણ પુરતું ધ્યાન રાખે છે. પરંતુ ગરબે રમતા થતો પરસેવો આ યુવતિઓનો મેકઅપ ઉતારી નાંખે તો તેમનો મુડ પણ ઉતરી જાય છે.

આજના આધુનિક યુગમાં જો એચડી ચેનલો આવતી હોય, વોટરપ્રુફ માંડવા રોપાતાં હોય તો બ્યુટી જગત પણ કેમ પાછળ રહી જાય. હવે ગાંધીનગરમાં પણ વોટરપ્રુફ મેક અપ અને એચડી મેકઅપની સુવિધા ચાલુ થતા આ યુવતિઓએ હાશકારો અનુભવ્યો છે. સે-૭-બીમાં અરિહંતની બાજુમાં આવેલ મિરર બ્યુટી સલોનમાં આ પ્રકારનો મેક અપ કરતા બ્યુટીશીયન ક્રિમા તલાટી જણાવે છે કે આ મેકઅપના કારણે હવે ગરબામાં યુવતિઓ મેકઅપ ખરાબ થવાની ફિકર વગર મન મૂકીને ઘુમી શકશે.




# જાહેરાત

## શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરની ડીરેક્ટરી બહાર પાડવાનું આયોજન

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેરી વિસ્તારમાં વસતાં રાજપૂત સમાજના પરિવારોની પરિવાર દર્શન ડીરેક્ટરી-૨૦૧૪ બહાર પાડવા માટેનું આયોજન કરેલ છે જે માટેના ફોર્મનું તમામ સેક્ટર અને શહેરી વિસ્તારમાં સમાવેશ થયેલ ગામો આદિવાડા, પાલજ, બાસન, બોરીજ, ધોળાકુવા, ઈન્દ્રોડા વિસ્તારમાં ફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે. તે અંગે સેક્ટરનાં પ્રતિનિધિઓના નામ, સેક્ટર અને ફોનની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | હોદ્દેદારોના નામ | સેક્ટર | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | ચૌહાણ વિરેન્દ્રસિંહ કાળુસિંહ | ૧,૮,૯ | ૯૮૨૫૫ ૫૭૧૦૧ |
| ૨. | વાઘેલા જગદીશસિંહ મનુભા | ૨ | ૯૮૯૮૯ ૪૬૪૦૨ |
| ૩. | ગોલ શૈલેન્દ્રસિંહ ઈશ્વરસિંહ | ૩ | ૯૭૨૩૮ ૨૮૮૫૬ |
| ૪. | વાઘેલા ભીખુસિંહ તખતસિંહ | ૪, ૬ | ૯૯૦૪૪ ૭૦૨૦૨ |
| ૫. | ચાવડા પૃથ્વીસિંહ બલુજી | ૫ | ૯૭૩૭૩ ૫૧૮૮૬ |
| ૬. | વાઘેલા કરણસિંહ બી.<br>તથા ગોહિલ જીતેન્દ્રસિંહ | ૭, ૧૦, ૧૧ | ૯૮૨૫૩ ૯૩૫૮૩<br>૯૮૨૪૫ ૫૦૯૨૧ |
| ૭. | બિહોલા પ્રદિપસિંહ પ્રતાપસિંહ | ૧૨, ૧૩ | ૯૮૨૫૮ ૧૫૬૩૧ |
| ૮. | વાઘેલા બાબુસિંહ શામળસિંહ | ૧૪ | ૯૪૨૭૪ ૦૮૮૮૯ |
| ૯. | વાઘેલા પ્રદિપસિંહ<br>(વિદ્યા લાયબ્રેરી) | ૧૫, ૧૬, ૧૭,<br>૧૮, ૧૯, ૨૦ | ૯૮૨૫૦ ૧૮૫૭૫ |
| ૧૦ | રાઠોડ કિરીટસિંહ પૃથ્વીસિંહ | ૨૧, ૨૨ | ૯૯૦૪૦ ૩૫૧૯૭ |
| ૧૧ | ચાવડા ભીખુસિંહ બળદેવસિંહ | ૨૩, ૨૪ | ૯૬૦૧૦ ૬૪૦૯૬ |
| ૧૨ | વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ | ૨૫ | ૯૪૨૬૦ ૮૪૬૬૬ |
| ૧૩ | ચાવડા જુજારસિંહ ગોપાલસિંહ | ૨૬ | ૯૮૯૮૩ ૧૩૮૫૯ |
| ૧૪ | ચાવડા રાજેન્દ્રસિંહ બાબુસિંહ | ૨૭, ૨૮ | ૯૪૨૭૬ ૭૭૧૭૪ |
| ૧૫ | ચૌહાણ પદમસિંહ ભરતસિંહ | ૨૯, ૩૦ | ૯૮૨૪૪ ૧૫૮૮૭ |

### શહેરી ગામ

| | | | |
|---|---|---|---|
| ૧ | ચાવડા ભગવાનસિંહ | આદીવાડા | ૯૯૨૪૪ ૨૩૫૨૮ |
| ૨ | બિહોલા શૈલેન્દ્રસિંહ | પાલજ | ૯૮૨૪૪ ૪૮૪૪૮ |
| ૩ | વાઘેલા ભીખુસિંહ તખતસિંહ | બાસન | ૯૯૦૪૪ ૭૦૨૦૨ |
| ૪ | ગોહિલ જીતેન્દ્રસિંહ | ઈન્દ્રોડા | ૯૮૨૪૫ ૫૦૯૨૧ |
| ૫ | | બોરીજ | |
| ૬ | | ધોળાકુવા | |

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વસતાં તમામ રાજપૂત પરિવારોએ ડીરેક્ટરી માટેના ફોર્મ ના મળ્યા હોય તેમણે સેક્ટરના પ્રતિનિધિ પાસેથી મેળવી લેવા અથવા તો શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતેથી રૂબરૂ મળીને ફોર્મની સંપૂર્ણ વિગત દર્શાવી સહી કરીને જમા કરાવવું અને ફોર્મ સોંપ્યાની રીસીપ્ટ મેળવી લેવી. જે ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. ૩૦/૯/૨૦૧૪ની રાખવામાં આવેલ છે. તે પહેલા તમામ પરિવારોએ સહકાર આપીને ફોર્મ મેળવી વિગત ભરી જમા કરાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

તેમજ આગામી **'વિજયા દશમી'** દશેરાનો રાજપૂતોના તહેવારની ઉજવણી તા. ૩/૧૦/૨૦૧૪ના રોજ શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં રાજપૂત સમાજના તમામ ભાઈઓ - બહેનોને પરિવાર સાથે હાજર રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**પ્રમુખશ્રી**
**શ્રી કરણસિંહ બી. વાઘેલા**
**શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com